RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૧૬ તા.૨૮–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી પ્રતીકભાઈ અરવિંદભાઈ કોઠારી
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રતીકભાઈ અરવિંદભાઈ કોઠારીની તા. ૧૯–૦૯–૧૧ની અરજીથી જી.આઈ.ડી.સી.માં ૩૭૦ નંબરની બાજુમાં આવેલ ઝુંપડું તથા ચાની લારીની પરમીશન લેટરની કોપી તથા કોણે પરમીશન આપેલ છે તેની વિગતો આપવા બાબતે મુદ્દા નં.(૧) ઉપરોકત જી.આઈ.ડી.સી.માં ૩૭૦ નંબરની બાજુમાં ઝુંપડું આવેલ છે જે મ્યુનીસીપલે પરમીશન આપેલ છે ? તો તેની પરમીશન લેટરની કોપી તથા પરમીશન આપનાર અધિકારીનું નામ તથા ત્યાં આવેલ ચા–પાનની લારીનું તથા દારૂ વેચાણનું પરમીશન લેટર તથા તેની કોપી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૮–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૧૬/૨૦૧૧–૧૨

શ્રી પ્રતીકભાઈ અરવિંદભાઈ કોઠારીની તા. ૧૯–૦૯–૧૧ની અરજીથી જી.આઈ.ડી.સી.માં ૩૭૦ નંબરની બાજુમાં આવેલ ઝુંપડું તથા ચાની લારીની પરમીશન લેટરની કોપી તથા કોણે પરમીશન આપેલ છે તેની વિગતો આપવા બાબતે મુદ્દા નં.(૧) ઉપરોકત જી.આઈ.ડી.સી.માં ૩૭૦ નંબરની બાજુમાં ઝુંપડું આવેલ છે જે મ્યુનીસીપલે પરમીશન આપેલ છે ? તો તેની પરમીશન લેટરની કોપી તથા પરમીશન આપનાર અધિકારીનું નામ તથા ત્યાં આવેલ ચા–પાનની લારીનું તથા દારૂ વેચાણનું પરમીશન લેટર તથા તેની કોપી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૮–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૪૨૬ તા.૯–૧–૧૨ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન) તથા અરજદારને તેમની લગભગ એક માસથી વધુ વિલંબીત અપીલ અંગે આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણું રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.ઝોન/ટેક./આ./ ૭૧૧ તા.૨૫–૧–૧૨ થી અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં.સા.ઝોન/ટેક/૪૨૪ તા.૨૮–૯–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ, નોંધ વિભાગ, અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પુરક માહિતી અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૯–૯–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી ઉધના ઝોનને લગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/૪૨૪ તા.૨૮–૯–૧૧ થી સમય અવધિમાં માહિતી પુરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદારની અરજીમાં જી.આઈ.ડી.સી.માં ૩૭૦ નંબરની બાજુમાં આવેલ ઝુંપડું તથા ચાની લારીની પરમીશન લેટરની કોપી તથા કોણે પરમીશન આપેલ છે તેની વિગતો આપવા બાબતે મુદ્દા નં.(૧) ઉપરોકત જી.આઈ.ડી.સી.માં ૩૭૦ નંબરની બાજુમાં ઝુંપડું આવેલ છે જે મ્યુનીસીપલે પરમીશન આપેલ છે ? તો તેની પરમીશન લેટરની કોપી તથા પરમીશન આપનાર અધિકારીનું નામ તથા ત્યાં આવેલ ચા–પાનની લારીનું તથા દારૂ વેચાણનું પરમીશન લેટર તથા તેની કોપી આપવા બાબત. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારની અરજીમાં જણાવેલ વિગતો અત્રેની કચેરીએ ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી. તેવુ જણાવેલ. આરટીઆઈ કાયદાની કલમ ૨(એફ) અને ૨(જે) હેઠળ જાહેર સત્તામંડળ પાસેથી કે નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી પુરી પાડવાની જોગવાઈ છે.

જે અંગે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જાણવી નારાજ થઈ તા. ૨૮–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. તેમજ અપીલ તબકકે કોઈ અન્ય રજુઆત કરેલ નથી. અરજદારને અપીલ તબકકે અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૪૨૬ તા.૯–૧–૧૨ થી અરજદારને લગભગ એક માસથી વધુ વિલંબીત અપીલ અંગે આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણું રજુ કરવા જણાવવામાં આવેલ. જે અંગે પણ કોઈ વિગતો રજુ કરેલ નથી. કે કોઈ કારણ દર્શાવેલ નથી.

# હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯–૦૯–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે કશું કરવાનું રહેતુ નથી. અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી પ્રતીકભાઈ અરવિંદભાઈ કોઠારી